रेलवे भर्ती बोर्ड / RAILWAY RECRUITMENT BOARDS
सीईएन - 04/2026 - जेई, डीएमएस, सीएमए - CEN - 04/2026 - JE, DMS, CMA

Test Date	27/10/2026
Test Time	4:30 PM - 6:00 PM
Subject / Exam Group	RRB JE DMS CMA CBT I

*** Note**
Correct Answer will carry 1 mark per Question.
Incorrect Answer will carry 1/3 Negative mark per Question.

1. Options shown in green color with a tick icon are correct.
2. Chosen option on the right of the question indicates the option selected by the candidate.

Section : **RRB JE DMS CMA CBT I**

Q.1 એક ચોક્કસ સાંકેતિક ભાષામાં,
'happy child plays' ને 'sy wc qz' સંકેતવામાં આવે છે,
'happy smiles mother' ને 'ta gk sy' સંકેતવામાં આવે છે, અને
'beautifully child smiles' ને 'wc bt gk' સંકેતવામાં આવે છે.
(બધા સંકેત એ બે-અક્ષરના સંકેતો છે.)

સંકેત 'bt' શાને રજૂ કરે છે?

Ans
✗ 1. happy
✗ 2. plays
✓ 3. beautifully
✗ 4. child

Q.2 એક ચોરસ પ્લોટનું ક્ષેત્રફળ 5041 m^2 છે. આ પ્લોટની દરેક બાજુની લંબાઈ (m માં) કેટલી હશે?

Ans
✓ 1. 71
✗ 2. 79
✗ 3. 61
✗ 4. 89

Q.3 એક ચોક્કસ સાંકેતિક ભાષામાં,
A # B એટલે 'A એ B ની દીકરી છે',
A $ B એટલે 'A એ B ની માતા છે',
A & B એટલે 'A એ B ની પત્ની છે', અને
A % B એટલે 'A એ B ના પિતા છે'
ઉપરોક્તના આધારે, જો 'F#T$O%Q&Z' હોય તો F એ Z સાથે કેવી રીતે સંબંધિત છે?

Ans
✗ 1. પત્નીના પિતાની માતા
✗ 2. પત્ની
✓ 3. પત્નીના પિતાની બહેન
✗ 4. માતા

Q.4 પૃષ્ઠવંશી પ્રાણીઓમાં કરોડસ્તંભનું મુખ્ય કાર્ય નીચેનામાંથી કયું છે?

Ans
✓ 1. ચેતાતંત્રના કરોડરજ્જુનું રક્ષણ કરવું
✗ 2. ખોરાકના પાચન માટે પાચક રસોનો સ્રાવ કરવો
✗ 3. સમગ્ર શરીરમાં ઓક્સિજનયુક્ત રુધિર પંપ કરવું
✗ 4. રુધિરમાંથી ઝેરી નાઇટ્રોજનયુક્ત ઉત્સર્ગ પદાર્થોને ગાળવા

Q.5 વિદ્યુતવિભાજનીય શુદ્ધિકરણનો ઉપયોગ નીચેનામાંથી કોના શુદ્ધિકરણ માટે થાય છે?

Ans
✔ 1. ધાતુઓ (Metals)
✘ 2. મિશ્રધાતુઓ (Alloys)
✘ 3. અધાતુઓ (Non-metals)
✘ 4. ખાંડ (Sugar)

Q.6 બોહરના પરમાણુ મોડેલ અનુસાર, કેલ્શિયમ પરમાણુ (પરમાણુ ક્રમાંક 20) ની ઇલેક્ટ્રોનિક રચના શું છે?

Ans
✘ 1. 2 , 8 , 2 , 8
✘ 2. 2 , 2 , 8 , 8
✘ 3. 2 , 8 , 10
✔ 4. 2 , 8 , 8 , 2

Q.7 એક લંબચોરસ બોક્સ (લંબઘન) ની ત્રણ સંલગ્ન બાજુઓનું ક્ષેત્રફળ 120 sq cm, 72 sq cm અને 60 sq cm છે. બોક્સનું ઘનફળ કેટલું છે?

Ans
✘ 1.
840 (cubic cm)
✘ 2.
960 (cubic cm)
✔ 3.
720 ઘન સેમી (cubic cm)
✘ 4.
680 ઘન સેમી (cubic cm)

Q.8 એક ચોરસના વિકર્ણની લંબાઈ $6\sqrt{2}$ cm છે. ચોરસની પરિમિતિ (cm માં) શોધો.

Ans
✘ 1. 32
✔ 2. 24
✘ 3. 48
✘ 4. 20

Q.9 એક વ્યક્તિ ખડક (ટેકરી) નજીક તાળી પાડે છે અને થોડા સમય પછી ફરીથી તે ધ્વનિ સાંભળે છે. કયું અવલોકન પુષ્ટિ કરે છે કે આ પુનરાવર્તિત ધ્વનિ એ પડઘો (echo) છે?

Ans
✘ 1. પરાવર્તિત ધ્વનિ તાળી પાડવાની સાથે જ તે જ ક્ષણે સંભળાય છે.
✘ 2. પરાવર્તિત ધ્વનિ મૂળ ધ્વનિ કરતાં વધુ મોટો હોય છે.
✘ 3. પરાવર્તિત ધ્વનિ કોઇ પણ વિલંબ વિના તાળી પાડ્યા પછી તરત જ સંભળાય છે.
✔ 4. પરાવર્તિત ધ્વનિ એક નોંધપાત્ર વિલંબ પછી સંભળાય છે.

Q.10 $\{(5 + 3)^2 - (4 \times 2)\} \div 4 \times 2 + 3$ નું મૂલ્ય કેટલું છે?

Ans
✔ 1. 31
✘ 2. 34
✘ 3. 30
✘ 4. 33

Q.11 એક વર્ગના વિદ્યાર્થીઓએ ગણિતમાં મેળવેલા સરેરાશ ગુણ 77 હતા. છોકરાઓએ મેળવેલા સરેરાશ ગુણ, છોકરીઓએ મેળવેલા સરેરાશ ગુણ કરતાં 60% વધારે છે. જો છોકરાઓની સંખ્યા અને છોકરીઓની સંખ્યાનો અનુક્રમિક ગુણોત્તર 7 : 2 હોય, તો છોકરીઓએ મેળવેલા સરેરાશ ગુણ કેટલા હશે?

Ans
✔ 1. 52.5
✘ 2. 54
✘ 3. 52
✘ 4. 47.6

Black book

Q.12 **An amount of ₹15116.544 is due at the end of 3 years. If the annual compound interest rate is 8%, compounded annually, what is its present value?**

Ans
- ✗ 1. ₹13,000
- ✗ 2. ₹12,500
- ✗ 3. ₹11,000
- ✓ 4. ₹12,000

Q.13 **નીચે આપેલ રેખીય સમીકરણ ઉકેલો.**
$2x-y+3z=8,\ x-y-z=7,\ x+y+z=10$

Ans
- ✗ 1. $x=\frac{17}{2}, y=\frac{-27}{8}, z=\frac{-15}{8}$
- ✗ 2. $x=\frac{17}{2}, y=\frac{27}{8}, z=\frac{15}{8}$
- ✗ 3. $x=\frac{-17}{2}, y=\frac{-27}{8}, z=\frac{15}{8}$
- ✓ 4. $x=\frac{17}{2}, y=\frac{27}{8}, z=\frac{-15}{8}$

Q.14 **જો પૃથ્વી પર વાતાવરણ ગેરહાજર હોત, તો નીચેનામાંથી કઈ ઘટના જોવા મળતે નહીં?**

Ans
- ✗ 1. ચંદ્રની કળાઓ
- ✗ 2. સૂર્યની દૈનિક ગતિ
- ✗ 3. સૂર્યગ્રહણ
- ✓ 4. વહેલો સૂર્યોદય અને મોડો સૂર્યાસ્ત

Q.15 **ભાગાકારના એક દાખલામાં, ભાજક એ ભાગફળ કરતાં 18 ગણો અને શેષ કરતાં 9 ગણો છે. જો શેષ 40 હોય, તો ભાજ્ય કેટલું હશે?**

Ans
- ✗ 1. 7237
- ✗ 2. 7238
- ✗ 3. 7244
- ✓ 4. 7240

Q.16 **અમન એ પૂજાનો પુત્ર છે. પૂજા એ રાજેશની પત્ની છે. રાજેશ એ દીપકનો ભાઈ છે. દીપક એ કાવ્યાનો પિતા છે. અમનનો કાવ્યા સાથે શું સંબંધ છે?**

Ans
- ✗ 1. માતાના ભાઈનો પુત્ર
- ✗ 2. પિતાની બહેનનો પુત્ર
- ✓ 3. પિતાના ભાઈનો પુત્ર
- ✗ 4. માતાની બહેનનો પુત્ર

Q.17 **નીચે સંખ્યાઓના બે સમૂહ (sets) આપવામાં આવ્યા છે. સંખ્યાઓના દરેક સમૂહમાં, પ્રથમ સંખ્યા પર અમુક ગાણિતિક પ્રક્રિયા કરવાથી બીજી સંખ્યા મળે છે. તેવી જ રીતે, બીજી સંખ્યા પર અમુક ગાણિતિક પ્રક્રિયા કરવાથી ત્રીજી સંખ્યા મળે છે અને આગળ આ જ ક્રમ ચાલુ રહે છે. આપેલા વિકલ્પોમાંથી કયો વિકલ્પ આપેલા સમૂહોની જેમ સમાન ગાણિતિક પ્રક્રિયાઓના નિયમનું પાલન કરે છે?**
(નોંધ – ગાણિતિક પ્રક્રિયાઓ કરવા માટે બે/ત્રણ અંકની સંખ્યાને તેના વ્યક્તિગત અંકોમાં અલગ પાડી શકાશે નહીં. ઉદાહરણ તરીકે, જો 37 પછી 10 આવતી હોય, તો પ્રક્રિયા 3+7 હોઈ શકે નહીં, કારણ કે બે અંકની સંખ્યાને તેના અલગ-અલગ અંકોમાં વિભાજિત કરવાની મંજૂરી નથી.)
9 – 36 – 72 – 90;
11 – 44 – 88 – 106

Ans
- ✗ 1. 7 – 28 – 56 – 72
- ✗ 2. 4 – 64 – 128 – 146
- ✓ 3. 8 – 32 – 64 – 82
- ✗ 4. 6 – 24 – 48 – 64

blackbook

Q.18 આપેલ શ્રેણીમાં પ્રશ્ન ચિહ્ન (?)ના સ્થાને શું આવવું જોઈએ?

243 226 210 195 181 168 ?

Ans
- ✗ 1. 152
- ✗ 2. 158
- ✓ 3. 156
- ✗ 4. 161

Q.19 **For a moderately asymmetrical grouped data distribution, the median is 35. The difference between the mode and the mean is 12. If the mean is greater than the mode, find the value of the mean. (Use the empirical relation among the mean, median, and mode)**

Ans
- ✗ 1. 40
- ✗ 2. 41
- ✗ 3. 38
- ✓ 4. 39

Q.20 નીચે આપેલી સંખ્યા અને પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની રહેશે. બધી સંખ્યાઓ ફક્ત એક અંકની સંખ્યાઓ છે.

(ડાબી બાજુ) 5 @ 3 $ 8 & 6 Ω 2 % 9 * 4 £ 7 # 1 & 3 (જમણી બાજુ)

એવા કેટલા પ્રતીકો છે, જે દરેકની તરત જ પહેલા એક સંખ્યા આવે છે અને તરત જ પછી પણ એક સંખ્યા આવે છે?

Ans
- ✓ 1. ત્રણ કરતાં વધુ
- ✗ 2. ત્રણ
- ✗ 3. એક
- ✗ 4. બે

Q.21 ચીપકો આંદોલન, જે વનનાબૂદી વિરુદ્ધ એક પાયાની પહેલ હતી, જેમાં વૃક્ષોને કપાતા બચાવવા માટે ગ્રામજનો વૃક્ષોને ભેટીને વિરોધ કરતા હતા. તેનો હાલના કયા રાજયમાંથી પ્રારંભ થયો હતો?

Ans
- ✗ 1. ઝારખંડ
- ✓ 2. ઉત્તરાખંડ
- ✗ 3. હિમાચલ પ્રદેશ
- ✗ 4. સિક્કિમ

Q.22 **A, B, U, V, Y, અને Z દરેકે અલગ અલગ ગુણ મેળવ્યા છે. U અને B ની વચ્ચે માત્ર બે લોકોએ ગુણ મેળવ્યા છે. માત્ર એક વ્યક્તિએ A કરતા વધુ ગુણ મેળવ્યા છે. A અને U ની વચ્ચે માત્ર ત્રણ લોકોએ ગુણ મેળવ્યા છે. Z એ Y કરતા વધુ પરંતુ V કરતા ઓછા ગુણ મેળવ્યા છે.**
તો કેટલા લોકોએ A કરતા ઓછા ગુણ મેળવ્યા છે?

Ans
- ✗ 1. એક
- ✓ 2. ચાર
- ✗ 3. બે
- ✗ 4. ત્રણ

Q.23 **એક ધ્વનિ તરંગ સમુદ્રના પાણીમાં 1500 m/s ની ઝડપે ગતિ કરે છે. જો તેની તરંગલંબાઈ 2.5 m હોય, તો તેની આવૃત્તિ કેટલી હશે?**

Ans
- ✗ 1. 750 Hz
- ✗ 2. 1200 Hz
- ✓ 3. 600 Hz
- ✗ 4. 150 Hz

Q.24 નીચેનામાંથી કયું પંચાયત સમિતિનું આપત્તિ સંબંધિત કાર્ય છે?

Ans

✗ 1. આપત્તિ ગેરવહીવટ પર ન્યાયિક તપાસનું સંકલન કરવું

✓ 2. કુદરતી આપત્તિઓ દરમિયાન રાહત પૂરી પાડવી

✗ 3. અસરગ્રસ્ત પરિવારોને વીમાના દાવા જારી કરવા

✗ 4. કેન્દ્રીય યોજનાઓમાંથી પુનર્વસન ભંડોળ લાગુ કરવું

Q.25 લસિકા (lymph) વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું છે?

Ans

✗ 1. લસિકા મુખ્યત્વે પ્લેટલેટ્સથી બનેલું છે.

✗ 2. લસિકામાં રક્ત પ્લાઝ્મા કરતા વધુ પ્રોટીન હોય છે.

✓ 3. લસિકામાં પ્લાઝ્મા કરતા ઓછું પ્રોટીન હોય છે અને તે રંગહીન હોય છે.

✗ 4. લસિકામાં પ્લાઝ્મા કરતા વધુ રક્તકણો હોય છે.

Q.26 ક્લોરિન (Z = 17) અને નિયોન (Z = 10) ની સૌથી બાહ્ય કક્ષમાં અનુક્રમે કેટલા ઇલેક્ટ્રોન હોય છે?

Ans

✗ 1. 8, 7

✗ 2. 7, 7

✓ 3. 7, 8

✗ 4. 7, 2

Q.27 સમતાપ આવરણ (stratosphere) માં ઊંચાઈ સાથે તાપમાન કેમ વધે છે?

Ans

✗ 1. હવાનું ઉર્ધ્વ મિશ્રણ ઉષ્મામાં વધારો કરે છે

✗ 2. પાણીની વરાળનું સંઘનન ઉષ્મા મુક્ત કરે છે

✓ 3. ઓઝોન UV કિરણોનું શોષણ કરે છે અને આ સ્તરને ગરમ કરે છે

✗ 4. પૃથ્વીની સપાટી આ સ્તરને સીધી ગરમ કરે છે

Q.28 જલવાહક પેશીમાં જલવાહિનીકી (Tracheids) અને જલવાહિનીઓ (Vessels) નું મુખ્ય કાર્ય શું છે?

Ans

✗ 1. તેઓ ભવિષ્યના ઉપયોગ માટે કાર્બોહાઇડ્રેટ્સ સંગ્રહિત કરે છે

✗ 2. તેઓ ખોરાકની સમક્ષિતિજ ગતિ-વહનમાં મદદ કરે છે

✓ 3. તેઓ પાણી અને ખનિજોનું ઉપર તરફ વહન કરે છે

✗ 4. તેઓ ફક્ત પ્રકાંડને યાંત્રિક આધાર પૂરો પાડે છે

Q.29 ભારતમાં બ્રિટિશરોની "ભાગલા પાડો અને રાજ કરો"ની નીતિ મુખ્યત્વે નીચેનામાંથી કઈ ધારણા પર આધારિત હતી?

Ans

✓ 1. પહેલેથી અસ્તિત્વમાં રહેલી, કઠોર ધાર્મિક અને જ્ઞાતિ આધારીત ઓળખોને ઓળખવી અને તેમને સુદૃઢ કરવી એ અસરકારક વહીવટની ચાવી હતી.

✗ 2. સમાન નાગરિક સંહિતા એ વૈવિધ્યસભર વસ્તી પર શાસન કરવાની સૌથી અસરકારક રીત હશે.

✗ 3. શાંતિ જાળવવા માટે વિવિધ સમુદાયો વચ્ચે સહકાર વધારવો આવશ્યક હતો.

✗ 4. ભાષાકીય વિવિધતાને પ્રોત્સાહન આપવાથી દેશના આર્થિક વિકાસમાં મદદ મળશે.

Q.30 ભારતના ઉત્તરીય મેદાનોના ભૂ-સ્વરૂપશાસ્ત્ર (geomorphology)માં, ભાંગરના પ્રમાણમાં શુષ્ક ભાગોમાં સામાન્ય રીતે જોવા મળતા ક્ષારીય અને આલ્કલીય પોપડીયુક્ત (efflorescence patches) વિસ્તારો સ્થાનિક સ્તરે કયા નામે ઓળખાય છે?

Ans

✓ 1. રેહ અથવા કલ્લાર

✗ 2. ખાદર નિક્ષેપો

✗ 3. તરાઈ જળપ્લાવિત ભૂમિ

✗ 4. ભાબર પટ્ટો

Q.31 જો 6a − b + 3c = −9, a + b − c = 4 અને 3a − b + 4c = −5 હોય, તો a + b + c નું મૂલ્ય કેટલું છે?

Ans

✗ 1. 0

✓ 2. 6

✗ 3. 1

✗ 4. −1

blackbook

Q.32 કઈ શાસ્ત્રીય ભાષા (Classical Language) કાલિદાસ, ભાસ અને ભવભૂતિની કૃતિઓ સાથે જોડાયેલી છે?

Ans

✗ 1. હિન્દી

✗ 2. પ્રાકૃત

✗ 3. તમિલ

✓ 4. સંસ્કૃત

Q.33 સપુષ્પી વનસ્પતિઓમાં પરાગરજ (pollen grains) પરાગાસન (stigma) પર પહોંચે તે પછી નીચેનામાંથી કઈ ઘટના બને છે?

Ans

✗ 1. પરાગરજ સીધા જ બીજમાં વિકાસ પામે છે.

✗ 2. અંડપિંડ (ovary) પુષ્પમાં વિકસે છે.

✗ 3. પુષ્પ દ્વારા મધુરસ ઉત્પન્ન થાય છે.

✓ 4. અંડક (ovule)ની અંદર ફલન થાય છે.

Q.34 ગીતાંજલિ ત્રણ સમાન અંતર અનુક્રમે 50 km/h, 60 km/h અને 80 km/h ની ઝડપે કાપે છે. તેની સમગ્ર મુસાફરીની સરેરાશ ઝડપ શોધો. તમારા જવાબને બે દશાંશ સ્થાન સુધીમાં આવરી લો.

Ans

✗ 1. 62.01 km/h

✓ 2. 61.02 km/h

✗ 3. 65.02 km/h

✗ 4. 64.23 km/h

Q.35 જો $15\sin A + \cos A = \sqrt{8}\sin A$ હોય, તો tanA નું મૂલ્ય શોધો.

Ans

✗ 1. $\frac{-15-\sqrt{8}}{212}$

✓ 2. $\frac{-15-\sqrt{8}}{217}$

✗ 3. $\frac{-16-\sqrt{8}}{217}$

✗ 4. $\frac{-15-\sqrt{8}}{227}$

Q.36 જો પ્રસૂતિ દરમિયાન માતા અથવા ગર્ભને કોઈ જોખમનો સામનો કરવો પડે, તો ડૉક્ટર કયું પગલું ભરી શકે છે?

Ans

✗ 1. તમામ જોખમો દૂર ન થાય ત્યાં સુધી પ્રસૂતિમાં વિલંબ કરવો

✗ 2. જોખમ હોવા છતાં તમામ તબીબી અને સર્જિકલ પ્રક્રિયાઓ ટાળવી

✓ 3. સુરક્ષિત પ્રસૂતિ સુનિશ્ચિત કરવા માટે શસ્ત્રક્રિયા કરવી

✗ 4. કોઈ પણ પગલું ભર્યા વિના નિષ્ક્રિય રીતે પ્રતીક્ષા કરવી

Q.37 જો સંખ્યા 2531647ના દરેક બેકી અંકમાં 3 ઉમેરવામાં આવે અને દરેક એકી અંકમાં 2 ઉમેરવામાં આવે, તો આ રીતે બનેલી સંખ્યાના પ્રથમ અને છેલ્લા અંકોનો સરવાળો કેટલો થશે?

Ans

✗ 1. 18

✗ 2. 12

✓ 3. 14

✗ 4. 16

Q.38 બે મિત્રો, X અને Y, અનુક્રમે ₹160 અને ₹230 ના પ્રારંભિક મૂડી રોકાણ સાથે એક વ્યવસાય શરૂ કરે છે. એક વર્ષના અંતે, વ્યવસાયમાં ₹54,951 નો કુલ નફો થાય છે. તો નફામાં X નો હિસ્સો (₹ માં) કેટલો હશે?

Ans

✗ 1. ₹22,549

✗ 2. ₹22,560

✗ 3. ₹22,551

✓ 4. ₹22,544

black book

Q.39 એક બલ્બમાંથી 10 સેકન્ડ માટે 1 એમ્પીયર વિદ્યુતપ્રવાહ પસાર કરવામાં આવે છે. જો સમયને સમાન રાખીને, વિદ્યુતપ્રવાહની માત્રા બમણી કરવામાં આવે, તો પ્રારંભિક સ્થિતિની સરખામણીમાં બલ્બના ફિલામેન્ટમાંથી કેટલો વિદ્યુતભાર પસાર થયો હશે?

Ans
- ✗ 1. પ્રારંભિક સ્થિતિ કરતાં ચાર ગણો
- ✗ 2. પ્રારંભિક સ્થિતિ કરતાં બરાબર અડધો
- ✗ 3. પ્રારંભિક સ્થિતિ જેટલી જ માત્રામાં
- ✓ 4. પ્રારંભિક સ્થિતિ કરતાં બમણો વિદ્યુતભાર

Q.40 ઉત્તર તરફ મુખ કરીને 48 વિદ્યાર્થીઓની હરોળમાં, મધુ ડાબી બાજુના છેડેથી 22મા સ્થાને છે. જો સુરેશ મધુની જમણી બાજુએ 25મા સ્થાને હોય, તો હરોળના જમણી બાજુના છેડેથી સુરેશનું સ્થાન શું છે?

Ans
- ✗ 1. ત્રીજું
- ✗ 2. પહેલું
- ✗ 3. ચોથું
- ✓ 4. બીજું

Q.41 GH 9 એક ચોક્કસ રીતે JG 28 સાથે સંબંધિત છે. તે જ રીતે, HH 13 એ KG 32 સાથે સંબંધિત છે. તો આ સમાન તર્કને અનુસરીને, OP 23 નીચેનામાંથી કયા વિકલ્પ સાથે સંબંધિત છે?

Ans
- ✗ 1. SP 44
- ✓ 2. RO 42
- ✗ 3. SO 38
- ✗ 4. RP 42

Q.42 A એક કામ 4 દિવસમાં પૂરું કરી શકે છે, જ્યારે B તે જ કામ 52 દિવસમાં પૂરું કરી શકે છે. B એકલો 13 દિવસ કામ કરે છે અને પછી કામ છોડી દે છે. તો બાકી રહેલું કામ A એકલો કેટલા દિવસમાં પૂરું કરી શકશે?

Ans
- ✗ 1. 2
- ✓ 2. 3
- ✗ 3. 4
- ✗ 4. 5

Q.43 નીચે આપેલી અક્ષર, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો.

(ડાબી બાજુ) # $ V Y W Ω F K Q λ * D A B H T σ I K % Y (જમણી બાજુ)

જો શ્રેણીમાંથી બધા અક્ષરોને કાઢી નાખવામાં આવે, તો નીચેનામાંથી કયું ડાબી બાજુથી ચોથો સ્થાને આવશે?

Ans
- ✓ 1. λ
- ✗ 2. #
- ✗ 3. σ
- ✗ 4. $

Q.44 BEFRIENDS શબ્દના દરેક સ્વરને અંગ્રેજી વર્ણમાળાના ક્રમમાં તેના પછી દ્વિતીય ક્રમે આવતા અક્ષરમાં બદલવામાં આવે છે, અને દરેક વ્યંજનને અંગ્રેજી વર્ણમાળાના ક્રમમાં તેની તરત જ પહેલા આવતા અક્ષરમાં બદલવામાં આવે છે. આ રીતે બનેલા અક્ષરોના સમૂહમાં નીચેનામાંથી કયો અક્ષર બરાબર બે વાર જોવા મળશે?

Ans
- ✗ 1. R
- ✗ 2. C
- ✓ 3. G
- ✗ 4. M

Q.45 ભારતનો સૌથી જૂનો લોખંડ અને પોલાદનો પ્લાન્ટ, ટાટા આયર્ન એન્ડ સ્ટીલ કંપની (TISCO), 1907 માં સુવર્ણરેખા (Subarnarekha) અને ખારકાઈ (Kharkai) નદીઓના સંગમ સ્થળે કયા શહેરમાં સ્થાપિત કરવામાં આવ્યો હતો?

Ans
✗ 1. ભીલાઇ
✗ 2. દુર્ગાપુર
✓ 3. જમશેદપુર
✗ 4. રાઉરકેલા

Q.46 17 cm ત્રિજ્યા અને કેન્દ્ર O ધરાવતા વર્તુળમાં, PQ અને RS એ કેન્દ્રની એક જ બાજુએ આવેલી બે સમાંતર જીવાઓ છે. જો PQ એ 16 cm અને RS એ 30 cm હોય, તો PQ અને RS વચ્ચેનું અંતર (cm માં) કેટલું હશે?

Ans
✗ 1. 6
✓ 2. 7
✗ 3. 5
✗ 4. 8

Q.47 M, N, O, X, Y અને Z એક જ ઇમારતના છ અલગ અલગ માળ પર રહે છે. ઇમારતમાં સૌથી નીચેના માળને 1, તેની ઉપરના માળને 2 અને તે મુજબ ઉપરના માળોને ક્રમાંક આપેલા છે, સૌથી ઉપરના માળનો ક્રમાંક 6 છે.
M અને Z ની વચ્ચે માત્ર બે લોકો રહે છે. O અને Y ની વચ્ચે માત્ર બે લોકો રહે છે. N અને Y ની વચ્ચે માત્ર એક વ્યક્તિ રહે છે. N એ માળ ક્રમાંક 1 પર રહે છે. M એ Y ની ઉપર રહે છે.
તો X ની ઉપર કેટલા લોકો રહે છે?

Ans
✓ 1. બે
✗ 2. ચાર
✗ 3. એક
✗ 4. ત્રણ

Q.48 પ્રશ્ન ચિહ્ન (?) ની જગ્યાએ નીચેનામાંથી કયો વિકલ્પ મૂકવામાં આવે તો તે તાર્કિક રીતે આપેલ શ્રેણી પૂર્ણ કરશે?

15 22 40 79 129 200 282 ?

Ans
✗ 1. 389
✓ 2. 385
✗ 3. 380
✗ 4. 387

Q.49 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલી ચાર અક્ષર-સમૂહ જોડીઓમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને તેથી એક જૂથ બનાવે છે. કઈ અક્ષર-સમૂહ જોડી તે જૂથ સાથે સંબંધિત નથી?
(નોંધ: અલગ પડતી અક્ષર-સમૂહ જોડી વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી.)

Ans
✗ 1. XT–SO
✗ 2. AW–VR
✓ 3. NJ–HG
✗ 4. SO–NJ

Q.50 એક ચોક્કસ રકમને સાદા વ્યાજે રોકવામાં આવે ત્યારે તે 2 વર્ષમાં ₹1,750 અને 3 વર્ષમાં ₹2,000 થાય છે. તો વાર્ષિક વ્યાજનો દર % માં શોધો.

Ans
✗ 1. 50
✗ 2. 10
✗ 3. 25
✓ 4. 20

Black book

Q.51 $\frac{\sqrt{\tan^2 A + (\operatorname{cosec}^2 A - 1) + 2}}{(\tan A + \cot A)}$ નું મૂલ્ય શોધો.

Ans
✗ 1. 2
✗ 2. tanA
✓ 3. 1
✗ 4. cotA

Q.52 એક બાયોમેડિકલ એન્જિનિયર એક MRI મશીન ડિઝાઇન કરી રહ્યા છે જે ઇમેજિંગ ચેમ્બરની અંદર સમાન ચુંબકીય ક્ષેત્ર ઉત્પન્ન કરવા માટે સોલેનોઇડનો ઉપયોગ કરે છે. પ્રવાહ બદલ્યા વિના ક્ષેત્રની તીવ્રતા વધારવા માટે, તેઓ સોલેનોઇડની ડિઝાઇનમાં ફેરફાર કરવાનું વિચારે છે. ચેમ્બરનું કદ સમાન રાખીને તેની અંદરના ક્ષેત્રને સૌથી વધુ અસરકારક રીતે વધારવા માટે કયો ફેરફાર યોગ્ય રહેશે?

Ans
✗ 1. સમાન ચેમ્બરની અંદર સોલેનોઇડના આંટાઓને એકબીજાથી વધુ દૂર ગોઠવવા
✗ 2. સોલેનોઇડની અંદર કોઈલના ગૂંચળા માટે જાડા વાયરનો ઉપયોગ કરવો
✓ 3. સોલેનોઇડની એકમ લંબાઈ દીઠ ચુસ્તપણે વીંટાળેલા આંટાઓની સંખ્યા વધારવી
✗ 4. સોલેનોઇડની અંદર અચુંબકીય (દા.ત. પ્લાસ્ટિક) ગર્ભ (core) મૂકવો

Q.53 એક પક્ષી સ્થિર સ્થિતિમાંથી શરૂ કરીને પાંખો ફફડાવીને ઉડે છે જ્યાં સુધી તે 6 m/s ની ઝડપે ન પહોંચે. પક્ષી ગતિ ઊર્જા કેવી રીતે મેળવે છે તે કયું વિધાન શ્રેષ્ઠ રીતે સમજાવે છે?

Ans
✗ 1. ડાળી ઉડ્યન દરમિયાન સતત ઊર્જા સ્થાનાંતરિત કરે છે.
✗ 2. હવાના અવરોધ પક્ષીની ગતિ ઊર્જામાં વધારો કરે છે.
✓ 3. પક્ષીના સ્નાયુઓ સંગ્રહિત રાસાયણિક ઊર્જાનું ગતિ ઊર્જામાં રૂપાંતર કરે છે.
✗ 4. કોઈપણ ઊર્જા રૂપાંતરણ વગર ગતિ ઊર્જા ઉત્પન્ન થાય છે.

Q.54 અક્ષતે ₹85100 નું 20% વાર્ષિક ચક્રવૃદ્ધિ વ્યાજના દરે 1 વર્ષ માટે રોકાણ કર્યું, જેમાં વ્યાજની ગણતરી અર્ધ-વાર્ષિક (દર છ મહિને) થાય છે. તો તેને મળનારી કુલ રકમ (વ્યાજમુદ્દલ) કેટલી હશે?

Ans
✗ 1. ₹103140
✓ 2. ₹102971
✗ 3. ₹102904
✗ 4. ₹102649

Q.55 એક પ્રશ્ન પછી બે વિધાનો (I) અને (II) આપેલ છે. નક્કી કરો કે વિધાનોમાં આપવામાં આવેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને યોગ્ય જવાબ નક્કી કરો.

પ્રશ્નઃ પાંચ મિત્રો – આધ્યા, ભાવિન, ચરિત, દેવિકા અને એશાન – અલગ-અલગ ઉંમરના છે. સૌથી નાનો કોણ છે?

વિધાનો:
(I) દેવિકા ચરિત કરતાં નાની છે પરંતુ ભાવિન કરતાં મોટી છે.
(II) આધ્યા દેવિકા કરતાં મોટી છે, અને એશાન ચરિત કરતાં મોટો છે.

Ans
✓ 1. વિધાન I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
✗ 2. વિધાન I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✗ 3. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન I માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✗ 4. વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન II માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

Q.56 તટસ્થીકરણ પ્રક્રિયા (Neutralization reaction) ની નીપજો વિશે કયું વિધાન સાચું છે?

Ans
✓ 1. તે હંમેશા ક્ષાર અને પાણી છે.
✗ 2. તે હંમેશા ઓક્સિજન અને પાણી છે.
✗ 3. તે હંમેશા હાઇડ્રોજન વાયુ અને પાણી છે.
✗ 4. તે હંમેશા કાર્બન ડાયોક્સાઇડ અને પાણી છે.

Q.57 "કરો અથવા મરો" નું સૂત્ર નીચેનામાંથી કયા આંદોલન સાથે સંકળાયેલું છે?

Ans

✗ 1. ખિલાફત આંદોલન

✗ 2. સવિનય કાનૂનભંગ આંદોલન

✗ 3. અસહકાર આંદોલન

✓ 4. હિંદ છોડો આંદોલન

Q.58 નીચેનામાંથી કાર્બનનું કયું અપરરૂપ (allotropes) વિદ્યુતનું વહન કરતું નથી?

Ans

✗ 1. ગ્રેફાઇટ (Graphite)

✗ 2. ફુલરીન (Fullerene)

✗ 3. કોલસો (Charcoal)

✓ 4. હીરો (Diamond)

Q.59 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવવું જોઈએ?
IKN HJM GIL FHK ?

Ans

✗ 1. EGI

✗ 2. EHI

✗ 3. EHJ

✓ 4. EGJ

Q.60 ધાતુઓના ભૌતિક ગુણધર્મો વિશે કયું વિધાન સાચું છે?

Ans

✗ 1. બધી ધાતુઓ સખત હોય છે અને તેને છરી વડે કાપી શકાતી નથી.

✗ 2. પારો એકમાત્ર એવી ધાતુ છે જે ઓરડાના તાપમાને ઘન સ્વરૂપમાં હોય છે

✓ 3. ધાતુનો રણકાર ઉત્પન્ન કરવાનો ગુણધર્મ તેના પર પ્રહાર કરવાથી કંપન ઉત્પન્ન કરવાની તેની ક્ષમતાને કારણે છે.

✗ 4. બધી ધાતુઓ સમાન રીતે વિદ્યુતની સારી વાહક હોય છે.

Q.61 બે તત્વો, કેલ્શિયમ (પરમાણુ ક્રમાંક 20, પરમાણુ ભારાંક 40) અને આર્ગોન (પરમાણુ ક્રમાંક 18, પરમાણુ ભારાંક 40) ની તુલના કરવામાં આવી છે. આપેલા તત્વો માટે નીચેનામાંથી કયું વિધાન સાચું છે?

Ans

✓ 1. તેઓ સમભારીય છે કારણ કે તેમનો પરમાણુ ભારાંક સમાન છે પરંતુ પરમાણુ ક્રમાંક અલગ છે.

✗ 2. બંને સમાન છે કારણ કે બંનેનો પરમાણુ ભારાંક અને પરમાણુ ક્રમાંક સમાન છે.

✗ 3. તેઓ સમસ્થાનિકો છે કારણ કે તેમનો પરમાણુ ક્રમાંક સમાન છે પરંતુ પરમાણુ ભારાંક અલગ છે.

✗ 4. તેઓ સમભારીય છે કારણ કે તેમનો પરમાણુ ક્રમાંક સમાન છે.

Q.62 **A manufacturer fixes his selling price at 28% over the cost of production. If the cost of production goes up by 25%, and the manufacturer raises his selling price by 25%, find the profit percentage.**

Ans

✓ 1. 28%

✗ 2. 25%

✗ 3. 31%

✗ 4. 27%

Q.63 નીચેનામાંથી કયું રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (RBI) ના નાણાકીય નીતિના સાધન તરીકે 'રેપો રેટ' નું શ્રેષ્ઠ વર્ણન કરે છે?

Ans

✓ 1. જે દરે RBI વાણિજ્યક (કોમર્શિયલ) બેંકોને ટૂંકા ગાળા માટે ધિરાણ આપે છે.

✗ 2. જે દરે બેંકો RBI ને ધિરાણ આપે છે.

✗ 3. અનામત તરીકે રાખવાની થતી થાપણોની ટકાવારી

✗ 4. લાંબા ગાળાની સરકારી લોન માટેનો દર

black book

Q.64 થારના રણના મોટા ભાગના વિસ્તારને આવરી લેતા અર્ધચંદ્રાકાર રેતીના ઢુવાને (ટેકરાને) _____ તરીકે ઓળખવામાં આવે છે.

Ans
✔ 1. બારકાન્સ (Barchans)
✘ 2. પરવલયી ઢૂવા (Parabolic dunes)
✘ 3. તારક ઢૂવા (Star dunes)
✘ 4. સેઇફ ઢૂવા (Seif dunes)

Q.65 એક ચોક્કસ તર્કને અનુસરીને 252 એ 28 સાથે સંબંધિત છે. સમાન તર્કને અનુસરીને, 306 એ 34 સાથે સંબંધિત છે. તે સમાન તર્કને અનુસરીને, 270 એ આપેલા વિકલ્પોમાંથી કયા વિકલ્પની સાથે સંબંધિત છે?

(નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં વિભાજિત કર્યા વિના, પૂર્ણ સંખ્યાઓ પર ક્રિયાઓ (Operations) કરવાની રહેશે. દા.ત. 13 લો – 13 આ સંખ્યા પર ક્રિયાઓ (Operations) જેમ કે 13 માં સરવાળો/ બાદબાકી/ ગુણાકાર વગેરે પૂર્ણ 13 પર કરી શકાય છે. 13 ને 1 અને 3 માં વિભાજિત કરીને ત્યારબાદ 1 અને 3 પર ગાણિતિક ક્રિયાઓ કરવાની છૂટ નથી.)

Ans
✘ 1. 32
✘ 2. 37
✔ 3. 30
✘ 4. 35

Q.66 બે પાત્રોમાં લાલ રંગની સાંદ્રતા અલગ અલગ છે: એકમાં 30% અને બીજામાં 50% છે. જો પ્રથમ પાત્રમાંથી 4 લિટર અને બીજા પાત્રમાંથી 6 લિટર મિશ્ર કરવામાં આવે, તો મિશ્રણમાં લાલ રંગની ટકાવારી કેટલી હશે?

Ans
✘ 1. 40%
✘ 2. 50%
✔ 3. 42%
✘ 4. 44%

Q.67 ધારો કે O કેન્દ્ર અને 8 cm ત્રિજ્યા ધરાવતું એક વર્તુળ C છે. વર્તુળ C ના ક્ષેત્રફળ અને વર્તુળ C ના O આગળ 120° નો ખૂણો આંતરતા વૃત્તાંશના ક્ષેત્રફળ વચ્ચેનો તફાવત કેટલો થાય?

Ans
✘ 1. $\frac{124\pi}{3}\ cm^2$
✔ 2. $\frac{128\pi}{3}\ cm^2$
✘ 3. $\frac{120\pi}{3}\ cm^2$
✘ 4. $\frac{125\pi}{3}\ cm^2$

Q.68 રમણની માસિક આવક ₹21,000 છે. તે તેની આવકના 19% બચાવે છે. જો તેની આવકમાં 14% નો વધારો થાય અને તેના ખર્ચમાં 20% નો વધારો થાય, તો તેની બચતમાં _____ થશે.

Ans
✘ 1. ₹458 નો વધારો
✘ 2. ₹457 નો ઘટાડો
✘ 3. ₹459 નો વધારો
✔ 4. ₹462 નો ઘટાડો

Q.69 આ પ્રશ્ન નીચેના શબ્દો પર આધારિત છે.
DIM PIN URN OWL
જમણી બાજુથી બીજા શબ્દના પ્રથમ અક્ષર અને ડાબી બાજુથી પ્રથમ શબ્દના બીજા અક્ષર વચ્ચેના અક્ષરોની વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં કેટલા અક્ષરો આવે છે?

Ans
✘ 1. 10
✘ 2. 14
✔ 3. 11
✘ 4. 12

blackbook

Q.70 વનસ્પતિના પ્રકાંડમાં પાર્શ્વીય વર્ધનશીલ પેશી (lateral meristem) ની ગોઠવણી અને તેના કાર્યને નીચેનામાંથી કયું વર્ણવે છે?

Ans
- ✔ 1. વલય આકારમાં ગોઠવાયેલ હોય છે, વ્યાસના વિસ્તારની વૃદ્ધિ કરે છે
- ✘ 2. પ્રકાંડમાં વિખરાયેલ છે, પોષક તત્વોનો સંગ્રહ કરે છે
- ✘ 3. ટોચ પર સ્થિત છે, લંબાઈમાં વૃદ્ધિ કરે છે
- ✘ 4. ગાંઠ (nodes) પર મળી આવે છે, શાખાઓ બનાવે છે

Q.71 શા માટે જૈવિક-અવિઘટનીય જંતુનાશકો આહાર શૃંખલામાં જૈવિક વિશાલન (biological magnification) પામે છે?

Ans
- ✘ 1. તે વાતાવરણમાં ઝડપથી બાષ્પીભવન પામે છે.
- ✘ 2. તે પાણીમાં સંપૂર્ણપણે ઓગળી જાય છે.
- ✘ 3. પાચનક્રિયા દરમિયાન તેનો નાશ થાય છે.
- ✔ 4. સજીવોમાં તેનો સંગ્રહ થાય છે અને તેનું સરળ ઘટકોમાં સરળતાથી વિઘટન થતું નથી.

Q.72 ફૂડ ફોર વર્ક પ્રોગ્રામના સ્થાને ઓક્ટોબર 1980 માં નીચેનામાંથી કયો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો?

Ans
- ✘ 1. ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓ અને બાળકોનો વિકાસ (Development of Women and Children in Rural Areas)
- ✘ 2. સંકલિત ગ્રામીણ વિકાસ કાર્યક્રમ (Integrated Rural Development Programme)
- ✘ 3. સ્વરોજગાર માટે ગ્રામીણ યુવાનોને તાલીમ (Training of Rural Youth for Self-Employment)
- ✔ 4. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર કાર્યક્રમ (National Rural Employment Programme)

Q.73 એક વિદ્યાર્થી અવલોકન કરે છે કે જ્યારે પ્રકાશ હવામાંથી પાણીમાં પ્રવેશે છે ત્યારે તે લંબ તરફ વળે છે. હવાના વક્રીભવનાંકની તુલનામાં એ ઘટના પાણીના વક્રીભવનાંક વિશે શું સૂચવે છે?

Ans
- ✘ 1. પાણી અને હવા સમાન વક્રીભવનાંક ધરાવે છે
- ✔ 2. પાણીનો વક્રીભવનાંક હવા કરતાં વધુ છે
- ✘ 3. પાણીનો વક્રીભવનાંક હવા કરતાં ઓછો છે
- ✘ 4. પાણીનો વક્રીભવનાંક માત્ર પ્રકાશની તરંગલંબાઇ પર આધાર રાખે છે

Q.74 શબ્દ **EXTERNALITY** માં દરેક સ્વરને અંગ્રેજી વર્ણમાળાના ક્રમમાં તેના પછી દ્વિતુય ક્રમે આવતા અક્ષરથી બદલવામાં આવે છે અને દરેક વ્યંજનને અંગ્રેજી વર્ણમાળાના ક્રમમાં તેના તરત પહેલાના અક્ષરથી બદલવામાં આવે છે. આ રીતે રચાયેલા અક્ષરોના જૂથમાં કેટલા અક્ષરો બરાબર બે વાર દેખાશે?

Ans
- ✘ 1. એક
- ✔ 2. ત્રણ
- ✘ 3. બે
- ✘ 4. ચાર

Q.75 એક સમબાજુ ત્રિકોણનું ક્ષેત્રફળ $4\sqrt{3}\ \text{cm}^2$ છે. તો આ ત્રિકોણના પરિવૃત્તનો વ્યાસ (cm માં) કેટલો થશે?

Ans
- ✘ 1. $\frac{2\sqrt{3}}{3}$
- ✘ 2. $\frac{\sqrt{3}}{3}$
- ✔ 3. $\frac{8\sqrt{3}}{3}$
- ✘ 4. $\frac{4\sqrt{3}}{3}$

black book

Q.76 વર્ષ 2026 ની તમિલનાડુ વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં કઈ પાર્ટી સૌથી મોટી પાર્ટી (single largest party) તરીકે ઉભરી આવી હતી?

Ans
✗ 1. ઓલ ઈન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમ
✓ 2. તમિલગા વેટ્રી કઝગમ (Tamilaga Vettri Kazhagam)
✗ 3. દ્રવિડ મુનેત્ર કઝગમ (Dravida Munnetra Kazhagam)
✗ 4. ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ

Q.77 વિકલ્પોમાંથી તે જોડીને પસંદ કરો જે એ જ પેટર્નને અનુસરે છે જે નીચે આપેલી બે જોડીઓ દ્વારા અનુસરવામાં આવે છે. બંને જોડીઓ સમાન પેટર્નને અનુસરે છે.

BKP : EMM
JLQ : MNN

Ans
✗ 1. KXL : NYI
✗ 2. BPN : ESK
✗ 3. INX : LPV
✓ 4. QDJ : TFG

Q.78 નીચેનામાંથી કયું વિધાન સ્પષ્ટ કરે છે કે સાચા દ્રાવણમાં ટિન્ડલ અસર શા માટે જોવા મળતી નથી?

Ans
✓ 1. સાચા દ્રાવણમાં રહેલા કણો પ્રકાશનું પ્રકીર્ણન કરવા માટે ખૂબ જ નાના હોય છે
✗ 2. સાચા દ્રાવણમાં હવાના પરપોટા ગેરહાજર હોય છે
✗ 3. સાચા દ્રાવણમાં રહેલા કણો રંગીન હોય છે
✗ 4. કણોનો વક્રીભવનાંક અલગ હોય છે

Q.79 એક શહેરની વર્તમાન વસ્તી 16,000 છે. પ્રથમ વર્ષમાં તેમાં 40% નો વધારો થાય છે અને બીજા વર્ષમાં 50% નો વધારો થાય છે, પરંતુ ત્રીજા વર્ષમાં તેમાં 35% નો ઘટાડો થાય છે. તો ત્રીજા વર્ષના અંતે શહેરની વસ્તી કેટલી હશે?

Ans
✗ 1. 20,580
✓ 2. 21,840
✗ 3. 19,320
✗ 4. 23,100

Q.80 એક રિટેલર ₹2,00,000 ની છાપેલી કિંમત પર માલ ખરીદે છે. વેચનાર 10 દિવસની અંદર ચૂકવણી કરવા પર 20% વ્યાપારી વળતર (ટ્રેડ ડિસ્કાઉન્ટ) અને 5% રોકડ વળતર (કેશ ડિસ્કાઉન્ટ) આપે છે. જો રિટેલર વળતર (ડિસ્કાઉન્ટ) ના સમયગાળા દરમિયાન ચૂકવણી કરે, તો ચૂકવવામાં આવતી અંતિમ રકમ કેટલી હશે?

Ans
✗ 1. ₹1,50,000
✗ 2. ₹1,60,000
✗ 3. ₹1,51,000
✓ 4. ₹1,52,000

Q.81 હેનલી પાસપોર્ટ ઇન્ડેક્સ (Henley Passport Index) ની 2026ની આવૃત્તિ અનુસાર, નીચેનામાંથી કયા દેશ પાસે, 192 સ્થળોએ વિઝા-મુક્ત પ્રવેશવાળો વિશ્વનો સૌથી શક્તિશાળી પાસપોર્ટ હતો?

Ans
✓ 1. સિંગાપોર
✗ 2. જાપાન
✗ 3. સાઉથ કોરિયા
✗ 4. યુનાઇટેડ આરબ એમીરાટ્સ

Q.82 ₹4984 ને ત્રણ ભાગમાં એવી રીતે વિભાજીત કરો કે પહેલા ભાગનો અડધો ભાગ, બીજા ભાગનો યોથો ભાગ અને ત્રીજા ભાગનો આઠમો ભાગ સમાન હોય. ત્રીજો ભાગ (₹ માં) શોધો.

Ans
✓ 1. 2848
✗ 2. 2748
✗ 3. 2548
✗ 4. 3148

Black Book

Q.83 **Keshav starts from point A and drives 7 km towards west. He then takes a left turn and drives 13 km. He takes a final left turn and drives 7 km and stops at point B. Pranay starts from point P, which is 10 km east of Point A, and drives 4 km towards east. He then takes a right turn and drives 13 km. He takes a final right turn and drives 2 km and stops at Point Q. What is the shortest distance between Point Q and Point B? (All turns are 90 degree turns only.)**

Ans

✗ 1. 13 km

✗ 2. 11 km

✓ 3. 12 km

✗ 4. 10 km

Q.84 **પાંચ સંખ્યાઓ 8, 12, 16, 20, 24 નું પ્રમાણભૂત વિચલન કેટલું છે? (ગણતરી બે દશાંશ સ્થાનો સુધી)**

Ans

✓ 1. 5.66

✗ 2. 4.52

✗ 3. 7.15

✗ 4. 6.25

Q.85 **જો '+' અને '−' ની પરસ્પર અદલાબદલી કરવામાં આવે અને '×' અને '÷' ની પણ પરસ્પર અદલાબદલી કરવામાં આવે, તો નીચેના સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવશે?**
315 − 280 x 5 ÷ 3 +19 =?

Ans

✗ 1. 475

✗ 2. 482

✗ 3. 460

✓ 4. 464

Q.86 **એક વસ્તુ તેની પડતર કિંમત પર 122% ના નફા સાથે વેચવામાં આવે છે. જો પડતર કિંમત અને વેચાણ કિંમતની પરસ્પર અદલાબદલી કરવામાં આવે, તો આ વ્યવહારમાં કેટલા ટકા ખોટ જશે? તમારો જવાબ દશાંશ ચિહ્ન પછી બે અંકો સુધી આવરી લો.**

Ans

✗ 1. 54.49%

✓ 2. 54.95%

✗ 3. 56.03%

✗ 4. 57.53%

Q.87 **એશિયન રિલે ચેમ્પિયનશિપ 2026 માં, ભારતની મહિલા ટીમ 43.85 સેકન્ડના સિઝનના સર્વશ્રેષ્ઠ સમય સાથે ગોલ્ડ મેડલ જીતી હતી. આ પ્રદર્શન કઈ રિલે સ્પર્ધામાં આવ્યું હતું?**

Ans

✗ 1. મહિલાઓની 4×400 m રિલે

✗ 2. મિક્સ્ડ 4×400 m રિલે

✗ 3. મહિલાઓની 4×200 m રિલે

✓ 4. મહિલાઓની 4×100 m રિલે

Q.88 **કેન્દ્રીય બજેટ 2026-27 માં જાહેર કરાયેલા ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન 2.0, કમ્પ્યુટર-ટેકનોલોજી વિકાસના કયા ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કરે છે?**

Ans

✗ 1. ઓનલાઇન ગેમિંગ સર્ટિફિકેશન અને યુઝર સેફટી

✓ 2. ચિપ ઇક્વિપમેન્ટ, મટિરિયલ્સ અને એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ

✗ 3.
ડિજિટલ પેમેન્ટ ઓથેન્ટિકેશન અને સેટલમેન્ટ

✗ 4. રુરલ બ્રોડબેન્ડ મેપિંગ અને ટેરિફ રેગ્યુલેશન

Q.89 **પાણીની અંદર રહેલી કોઈ વસ્તુને બહાર કાઢવાના ઉદ્દેશ્યથી લાઇફગાર્ડે (જીવનરક્ષક) તેના દેખાતા સ્થાન તરફ જ બરાબર કેમ ડાઇવ (ડૂબકી) ન મારવી જોઈએ?**

Ans

✗ 1. પાણી વસ્તુનું પરાવર્તન કરે છે.

✓ 2. વક્રીભવનને કારણે વસ્તુ ઓછી ઊંડી (સપાટીની નજીક) દેખાય છે.

✗ 3.
વસ્તુ વધુ દૂર દેખાય છે.

✗ 4. વક્રીભવનને કારણે વસ્તુ સતત ગતિ કરે છે.

blackbook

Q.90 આ પ્રશ્નમાં, નીચે આપેલા સંખ્યા/પ્રતીકના સમૂહને આપેલા કૂટ (Code) અને ત્યારબાદ આપેલી શરતો અનુસાર અક્ષર કૂટનો ઉપયોગ કરીને કૂટબદ્ધ કરવામાં આવે છે. શરતોને અનુસરતા કૂટ (code) નું યોગ્ય સંયોજન એ તમારો જવાબ છે. જો કોઈ પણ શરતો લાગુ પડતી ન હોય, તો કોષ્ટકમાં આપ્યા મુજબ સંબંધિત સંખ્યા/પ્રતીક માટેના કૂટને સીધા જ અનુસરવાના રહેશે.

સંખ્યા/પ્રતીક	7	4	5	#	@	&	?	$	+	%
કૂટ (Code)	J	P	L	C	M	Z	T	G	F	D

શરતો:
(i) જો પહેલું તત્ત્વ એક એકી સંખ્યા હોય, તો પહેલા અને છેલ્લા તત્ત્વો માટેના કૂટને એકબીજાની સાથે બદલવા પડશે.
(ii) જો બીજા અને ત્રીજા તત્ત્વો પ્રતીકો હોય, તો ત્રીજા તત્ત્વ ને બીજા તત્ત્વના કૂટ તરીકે કૂટબદ્ધ કરવું પડશે.
(iii) જો ચોથું તત્ત્વ એક બેકી સંખ્યા હોય, તો ચોથા અને પાંચમા બંને તત્ત્વોને © તરીકે કૂટબદ્ધ કરવા પડશે.

નીચેના સંખ્યા-પ્રતીક સમૂહ માટેનો કૂટ (Code) શું છે?
745#@

Ans
✗ 1. JPLCM
✓ 2. MPLCJ
✗ 3. JPTCM
✗ 4. ZPLCM

Q.91 **બોહરની અભિધારણાઓ હાઇડ્રોજનની સ્થિરતા સમજાવે છે, પરંતુ તે એક કરતાં વધુ ઇલેક્ટ્રોન ધરાવતા પરમાણુઓ માટે મુખ્યત્વે ક્યાં કારણોસર નિષ્ફળ જાય છે?**

Ans
✗ 1. એક કરતાં વધુ ઇલેક્ટ્રોન ધરાવતા પરમાણુઓમાં ઇલેક્ટ્રોન દળ-રહિત હોવાનું માની લેવામાં આવે છે
✗ 2. બોહરના મોડેલમાં ન્યુક્લિયસમાં રહેલા ન્યુટ્રોન ઇલેક્ટ્રોનના માર્ગને અસર કરે છે
✗ 3. પ્રોટોન મોટા પરમાણુઓમાં ઝડપથી ગતિ કરે છે, જે કક્ષાઓમાં વિક્ષેપ પાડે છે
✓ 4. બોહરના મોડેલમાં ઇલેક્ટ્રોન-ઇલેક્ટ્રોન વચ્ચેની ક્રિયાપ્રતિક્રિયાઓ ધ્યાનમાં લેવામાં આવી નથી

Q.92 **HCl સાથેની પ્રક્રિયામાં કઈ ધાતુ સૌથી ઓછી પ્રતિક્રિયાત્મક (ઓછી સક્રિય) હશે?**

Ans
✗ 1. મેગ્નેશિયમ
✗ 2. ઝીંક
✗ 3. એલ્યુમિનિયમ
✓ 4. આયર્ન

Q.93 **7-અંકની સંખ્યા 92A445B એ 4 વડે વિભાજ્ય છે. તો (A+B) નું ન્યૂનતમ મૂલ્ય કેટલું થાય?**

Ans
✗ 1. 3
✗ 2. 4
✗ 3. 6
✓ 4. 2

Q.94 **નીચેનામાંથી કયું વિધાન સૌથી સારી રીતે સમજાવે છે કે જયારે સોડિયમ પરમાણુ ક્લોરિન સાથે પ્રક્રિયા કરે છે ત્યારે તે શા માટે ધન આયન બનાવે છે?**

Ans
✗ 1. સોડિયમ પરમાણુ તેની બાહ્યતમ કક્ષા પૂર્ણ કરવા માટે એક ઇલેક્ટ્રોન મેળવે છે.
✗ 2. સોડિયમ પરમાણુ બંધ બનાવવા માટે ક્લોરિન સાથે સમાન ભાગીદારીમાં ઇલેક્ટ્રોન્સની વહેંચણી કરે છે.
✗ 3. સોડિયમ પરમાણુ વિદ્યુતની દ્રષ્ટિએ તટસ્થ રહેવા માટે પોતાના બધા જ ઇલેક્ટ્રોન્સ જાળવી રાખે છે.
✓ 4. સોડિયમ પરમાણુ સ્થાયી ઇલેક્ટ્રોનિક રચના પ્રાપ્ત કરવા માટે એક ઇલેક્ટ્રોન ગુમાવે છે.

Q.95 **વૃષણકોશ (scrotum) એ વૃષણ-શુક્રપિંડ (testicular)નું તાપમાનને સામાન્ય શરીરના તાપમાન _____ જાળવવામાં મદદ કરે છે, જે શુક્રાણુના નિર્માણ માટે આવશ્યક છે.**

Ans
✗ 1. ની સાથે બદલાતું રહેતું
✗ 2. કરતાં ઊંચું
✗ 3. ના જેટલું જ
✓ 4. કરતાં નીચું

Black book

Q.96 સાત લોકો, D, E, F, G, U, V અને W, ઉત્તર તરફ મુખ કરીને એક હરોળમાં બેઠા છે. D એ હરોળની જમણી બાજુના છેડાથી બીજા સ્થાને બેસે છે. G એ U ની ડાબી તરત બાજુએ બેસે છે. E અને D ની વચ્ચે ફક્ત ચાર લોકો બેસે છે. W ની જમણી બાજુએ ફક્ત ત્રણ લોકો બેસે છે. V એ W ની તરત જ બાજુમાં બેસતો નથી.
તો E અને W ની વચ્ચે કેટલા લોકો બેસે છે?

Ans
- ✗ 1. ત્રણ
- ✗ 2. એક
- ✗ 3. ચાર
- ✓ 4. બે

Q.97 જઠરમાં હજાર કયો ઉત્સેચક પ્રોટીનના પાચનમાં મદદ કરે છે?

Ans
- ✗ 1. એમાયલેઝ (Amylase)
- ✗ 2. લાઇપેઝ (Lipase)
- ✗ 3. ટ્રિપ્સિન (Trypsin)
- ✓ 4. પેપ્સિન (Pepsin)

Q.98 નદીમાં એક હોડીને પ્રવાહની વિરુદ્ધ દિશામાં 100 km અંતર કાપવા માટે 8 કલાક અને પ્રવાહની દિશામાં 80 km અંતર કાપવા માટે 5 કલાકનો સમય લાગે છે. જો આ હોડી પ્રવાહની વિરુદ્ધ દિશામાં 60 km અને ત્યારબાદ પ્રવાહની દિશામાં 60 km મુસાફરી કરે, તો તેને કુલ કેટલો સમય (કલાકમાં) લાગશે? તેમજ નદીના પ્રવાહની ઝડપ (km/h માં) પણ શોધો. (વિકલ્પો અનુક્રમે આપેલા છે.)

Ans
- ✗ 1. 8.45, 1.75
- ✗ 2. 8.45, 1.5
- ✓ 3. 8.55, 1.75
- ✗ 4. 8, 1.5

Q.99 એક ઈજનેર ખાસ બનાવેલી હાથગાડી પર 12 એકસમાન પેકેજો ગોઠવીને તેને વેરહાઉસની લીસી સપાટી પર મુક્ત કરીને તેનું પરીક્ષણ કરે છે. જો હાથગાડી પર 36 ન્યૂટનનું કુલ બળ લગાડવામાં આવે ત્યારે તે પેકેજો સાથે 0.5 મીટર પ્રતિ સેકન્ડના વર્ગના પ્રવેગથી ગતિ કરે, તો જો તેનું દળ યથાવત રાખીને લગાડેલા બળને બમણું કરવામાં આવે, તો નવો પ્રવેગ કેટલો થશે?

Ans
- ✗ 1. પ્રવેગ પ્રારંભિક મૂલ્ય કરતાં અડધો થશે.
- ✗ 2. પ્રવેગ એક નિશ્ચિત માત્રામાં ઘટશે.
- ✓ 3. પ્રવેગ પ્રારંભિક મૂલ્ય કરતાં બમણો થશે.
- ✗ 4. પ્રવેગ પ્રારંભિક મૂલ્ય જેટલો જ રહેશે.

Q.100 ભારતમાં સરકારી ખર્ચનું ઓડિટ કરવા માટે કઈ સંસ્થા જવાબદાર છે?

Ans
- ✓ 1. નિયંત્રક અને મહાલેખા પરીક્ષક
- ✗ 2. નાણાં પંચ
- ✗ 3. કેન્દ્રીય સતર્કતા આયોગ
- ✗ 4. સંઘ લોક સેવા આયોગ

"

Black Book